મોડાસા નગરપાલિકામાં ભૂંડ પકડનાર ૧૦ કામદારો પર પ્રાણઘાતક હૂમલો

એકની હાલત ગંભીર, નગરપાલિકા ચીફ ઓફિસરે પોલીસ ફરિયાદ નોંધાવી

મોડાસા, તા. ૧૨

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં અને રહેણાંક વિસ્તારોમાં રખડતા ભૂંડોનો ત્રાસ વધી જતા અને રાહદારીઓ પર ભૂંડોના હૂમલાઓના ભયથી પ્રજાજનો ત્રાહીમામ પોકારી ઉઠતા રખડતા ભૂંડોને પકડવા નગરપાલિકાતંત્રમાં ફરિયાદોના પગલે મોડાસા નગરપાલિકાતંત્ર દ્વારા ભૂંડ પકડવા રાખેલા કામદારો પર કોન્ટ્રાક્ટની હરિફાઈમાં આંતરરાજ્ય ટોળકી દ્વારા લાકડીઓ, પાઈપો વડે હૂમલો કરાતા ૧ કામદારની હાલત ગંભીર થતા તાબડતોડ દવાખાને સારવાર અર્થે ખસેડાયો હતો. અન્ય ૯ જેટલા કામદારોના શરીરે વત્તા ઓછી ઈજાઓ પહોંચી હતી. નગરપાલિકાના ચીફ ઓફિસર દ્વારા ચાર શખ્સો સામે ફરિયાદ નોંધાવતા મોડાસા ટાઉન પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા નગરપાલિકા તંત્ર દ્વારા શહેરના મુખ્ય માર્ગો પર રહેણાંક વિસ્તાર અને સોસાયટી વિસ્તારમાં રખડતા ભૂંડોના ત્રાસ વધી જતાં રખડતા ભૂંડોને પકડવા ૧૦ થી વધુ કામદારોને ભૂંડ પકડવા અને ડબ્બામાં પુરી જંગલમાં છોડી દેવાની કામગીરી સોંપવામાં આવતા કામદારો દ્વારા શહેરના માર્ગો પર રખડતા ભૂંડોને પકડી નગરપાલિકા વિસ્તારના વારીગૃહ ખાતે પાંજરે પુરાતા આંતરરાજ્ય ટોળકી વિવેક રવિ ઉપાધ્યાય, બાદલસીંહ કરણસીંહ ટાંક, નૂરસીંગ સેરસીંગ બદ્ધા અને અન્ય ૨૫ જેટલા અજાણ્યા શખ્સોની ટોળકીએ લાકડીઓ, પાઈપો સહિત અન્ય મારક હથિયારો સાથે વારીગૃહ ખાતે ધસી આવી નગરપાલિકાના કામદારો પર આડેધડ હૂમલો કરી મારામારી કરતા અને બિભત્સ ગાળાગાળી કરી લોખંડની પાઈપો અને લાકડીઓથી તુટી પડતા ૧૦ થી વધુ કર્મચારીઓ લોહીલુહાણ બની ગયા હતા. નગરપાલિકાના કામદાર બાબુભાઈ ઉદયલાલ (રહે. ઉદેપુર)ના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તાબડતોડ સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા. આ હૂમલાની ઘટનાની જાણ નગરપાલિકા પ્રમુખ વનિતાબેન પટેલને થતા તાત્કાલિક ઈજાગ્રસ્તો પાસે પહોંચી જઈ ઈજાગ્રસ્તોની સારવાર નગરપાલિકા તંત્ર દ્વારા કરાવવા અને સંપૂર્ણ ખર્ચ નગરપાલિકાતંત્ર દ્વારા ઉઠાવવાની વાત કરી કામદારોને હૈયાધારણ આપી આંતરરાજ્ય ટોળકીને સબક શીખડાવવામાં આવશે તેમ જણાવ્યું હતું.

મોડાસા નગરપાલિકાના ચીફ ઓફિસર હરીશચંદ્ર અગ્રવાલ દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવતા મોડાસા ટાઉન પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી જેલના સળીયા પાઠળ ધકેલી દેવા ચક્રો ગતિમાન કર્યા હતા.

ભૂંડ પકડનાર નગરપાલિકાના કામદારો પર હૂમલો થતા આ હૂમલો ભૂંડ પકડનાર કોન્ટ્રાક્ટરની હરિફાઈમાં કરવામાં આવ્યો હોવાનું લોક મુખે ચર્ચાતુ હતુ.

આધાર કાર્ડ હોવું બહુ જરૂરી છે, જો ન હોય તો આજે જ કઢાવી લો

વર્તમાન સમયમાં દરેક નાગરિક પાસે આધાર કાર્ડ હોય એ બહુ જરૂરી છે. આપણા દેશના ૧૦૦ કરોડથી વધુ લોકોએ આધાર કાર્ડ કઢાવી લીધા છે. કલેક્ટર બનાસકાંઠા દ્વારા જિલ્લાના નાગરિકોને જણાવાયું છે કે જો આપની પાસે આધાર કાર્ડ ન હોય તો આજે જ કઢાવી લો. આધારકાર્ડથી બેંકમાં ખાતુ ખોલાવી શકાય છે, ગેસ જોડાણ સરળતાથી મળે, મોબાઈલ કનેક્શન મેળવી શકાય, સરકારશ્રીની વિવિધ યોજનાઓમાંથી અનુદાન મેળવી શકાય, રેલવે પ્રવાસ માટે ઓળખ આપી શકાય.

દશામાંના વ્રત પૂર્ણ થતા બહેનોએ દશામાંને આપી વિદાય

બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા સહીત સમગ્ર જિલ્લા માં ભારે ઉત્સાહ સાથે બહેનો ધ્વરા દસ-દસ દિવસ સુધી દશામાં ના વ્રત કરી પૂજા અર્ચના કરી હતી અને આજે દસમા દિવસે દશામાં ની મૂર્તિ ને પાણી માં વિસર્જન કરી દશામાં ને વિદાય આપી હતી.

ધાનેરા નગરપાલીકાના કોર્પોરેટર અને ભાજપ શહેર પ્રમુખ સામે પગલા ભરવા રજુઆત

ધાનેરા, તા. ૧૨

ધાનેરા નગરપાલીકાના કોર્પોરેટર અને શહેર ભાજપ ના પ્રમુખ કાન્તીભાઈ ત્રિવેદી ૧૦ વર્ષ અગાઉ નગરપાલીકામાં કોર્પોરેટર હતા ત્યારે સફાઇ કામદારો ની ખોટી ભરતી માં નગરપાલીકા ને નુકસાન પહોચાડેલ જે બાબતના કેશમાં ૧,૯૨,૫૯૮ રુપીયા ભરવા માટે તેમને તથા અન્ય હુકમ કર્યો હતો છતાં ભરેલ નહી અને આજે પાલીકામાં સભ્ય તરીકે ચાલુ છે અને ભષ્ટાચાર આદરતા હોવાની ફરીયાદ નગર નિયામક ને કરવામાં આવતા મામલો ઉગ્ર બન્યો છે

કાન્તીભાઈ ત્રિવેદી ૧૦ વર્ષ અગાઉ નગરપાલીકા માં કોર્પોરેટર તરીકે ચૂટાયા હતા અને જે વખતે તમામ સભ્યને ભેગા કરીને કેટલાક સફાઇ કામદારો ને કાયમી કરી દીધા હતા જે મામલે થોડાક વર્ષ પહેલા મામલો કોર્ટમાં પહોચ્યો હતો અને તેની તપાસ ના કોર્ટે આદેશ કરતા જીલ્લા કલેક્ટરે તપાસ કરી હતી અને તપાસ દર્મયાન ખોટી રીતી સફાઇ કામદારો ની ભરતી કરીને નગરપાલીકાને મોટા નુકસાન માં મુકેલ હતી જે અંગે અહેવાલ નગર નિયામકને આપવા જે તે વખતના કોર્પોરેટરો ના ભાગે રુ ૧,૯૨,૫૯૮ રુપીયા ભરવા ના આવતા હતા અને જે પેકી ના એક કોર્પોરેટર કાન્તીભાઈ ત્રિવેદી પણ છે અને તેઓ એ રકમ આજ દિન ભરેલ નથી અને અગાઉ પણ નગરપાલીકા ને મોટુ નુકસાન પહોચાડેલ છે તેમજ હાલની વર્તમાન બોર્ડમાં કારોબારી સમીતી માં સભ્ય તરીકે રહી તેમજ શહેર ભાજપ ના પ્રમુખ ના દમથી વિકાસ ના કામો ના બારોબાર ઠરાવ કરીને પ્રમુખની મંજુરી વગર કામો ચાલુ કરાવી મળતીયાઓ ને લાભ અપાવ્યો હોવાથી ફરીયાદ નગરપાલીકાના પૂર્વપ્રમુખ બળવંતભાઈ બરોટે નગર નિયોમકને કરતાં નગરપાલીકામાં આ મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બની જવા પામ્યો છે

આ અંગે બળવંતભાઈ બારોટે જણાવેલ કે કાન્તીભાઈ ત્રિવેદી જે અગાઉ પણ નગરપાલીકાને ખોટા ખર્ચમાં ઉતારનાર સભ્ય પૈકીના એક છે અને આજે પણ નગરપાલીકામાં રહીને બારોબાર જનરલ બોર્ડ સિવાય કારોબારીમાં વહીવટ કરી ટેન્ડરો મંજુર કરીને મળતીયાઓને ઉચા ભાવે કામો આપી ભ્રસ્ટાચાર કરી નગરપાલીકાને નુકસાન પહોચાડતા હોવાથી નગર નિયામકને અમારે ફરીયાદ કરવી પડે છે કે આવા લોકો સામે કાર્યવાહી કરી ને તેમને સભ્ય પદથી સસ્પેન્ડ કરવા પણ અમારી માંગણી છે.

બનાસકાંઠાના હજ યાત્રીઓ માટે પાલનપુર ખાતે હજ ટ્રેનિંગ કેમ્પ યોજાયો

ગુજરાત રાજ્ય હજ સમિતિ દ્વારા હજ યાત્રીઓ તાલીમ શિબિરનું આયોજન કરાયું હતું. રાજ્યભરમાંથી આ વર્ષે પ્રથમવાર ૭ હજારથી વધુ હજયાત્રીઓ હજ માટે જવાના છે જેથી હજયાત્રીઓને ધાર્મિક અને કાયદાકીય માર્ગદર્શન મળી રહે તે હેતુથી ગુજરાત હજ કમિટી દ્વારા સમગ્ર જિલ્લાઓમાં તાલીમ શિબિરનું આયોજન કરાયું હતુ. આજે જિલ્લા મથકના પાલનપુરના ગઠામણ નજીક તાલીમ શિબિરની પુર્ણાહુતી કરાઈ હતી. બનાસકાંઠા જિલ્લામાંથી પણ ૮૦૦ થી વધુ હજયાત્રીઓ હજ માટે જવાના છે ત્યારે આજે તમામ હજ માટે જનારા યાત્રીઓને વિશેષ તાલીમ અપાઈ હતી તેમજ ભારત સરકારના ૩૨ અધિકારીઓને પણ સમગ્ર હજ પ્રક્રિયા દરમિયાન સાથે રાખી તમામ સુવિધા આપવાનો પ્રયાસ કરાયાનું આજે હજ સમિતિ દ્વારા જણાવાયું હતું. આજે તમામ હજયાત્રીઓને સાઉદી અરેબિયાના કાનૂન અંગે જરૂરી સૂચનાઓ સહીત હજયાત્રા અંગે માર્ગદર્શન અપાયું હતું. આ પ્રસંગે બનાસકાંઠા જિલ્લાના હજયાત્રીઓ સહીત ગુજરાત હજયાત્રા સમિતિના સચિવ ઉસ્માન પટેલ સહીત જમિયત ઉલેમા એ હિન્દના પ્રમુખ અબ્દુલ કુદૂસ નકવી, મોહમદ કાદરી, સૈયદ રફીકભાઈ અસગરઅલી અઘારિયા સહીત મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

હિંમતનગરમાં ટેક્ષ ન ભરતા પાલિકાએ ત્રણ દુકાનો સીલ કરી

હિંમતનગર, તા.૧૨

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર નગરપાલિકા દ્વારા શહેરના બાકીદારોને અવારનવાર ટેક્ષની લહેંણી રકમ ભરવા માટે વારંવાર લેખિત તથા મૌખિક સુચનાઓ આપવા છતાં રીઢા બાકીદારો ટેક્ષ ભરતા નથી. જેથી શુક્રવારે હિંમતનગર પાલિકા દ્વારા મોતીપુરા વિસ્તારમાં આવેલ ત્રણ દુકાનોને સીલ કરી દેવામાં આવી હતી. આ અંગે ચીફ ઓફીસર વસંતભાઈ પટેલ તથા ટેક્ષ વિભાગના વડા હેમંતભાઈ ધુવાડના જણાવાયા મુજબ હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલ મિલ્કત નં.૧૧/૨૪૯૬ ના માલિક કેશવલાલ મોતીલાલ પટેલ દ્વારા ઘણા વર્ષોથી પાલિકાનો ટેક્ષ ભરવામાં આવતો ન હતો. જે અંગે અવારનવાર તાકીદ કરવા છતાં તેઓએ ટેક્ષ ભરવાનું ગણકાર્યુ ન હતું. ઉપરાંત આ અંગે કોર્ટ કેસ ચાલતો હોવાથી ટેક્ષના નાણાં ભરપાઈ થતા ન હતા.

જેથી ચીફ ઓફીસરની સુચનાથી ટેક્ષ વિભાગના વડા હેમંતભાઈ ધુવાડ અને તેમની ટીમ દ્વારા શુક્રવારે કેશવલાલ મોતીલાલ પટેલની મિલ્કત ગણાતી ત્રણ દુકાનોને સીલ મારવામાં આવી હતી. તેમજ મિલ્કત નં.૧૧/૬૬૫ના મકાનનો પણ ટેક્ષ બાકી હોઈ નળ કનેકશન પણ કાપી નાખવામાં આવ્યુ છે. જેથી અન્ય બાકીદારોમાં ફફડાટ ફેલાયો છે.

સવગઢમાં બે શખ્સોએ લોન પર લીધેલ જેસીબી વેચી દેતા ફરિયાદ

હિંમતનગર, તા.૧૨

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરના સવગઢમાં રહેતા એક શખ્સે હિંમતનગરની બેંકમાંથી લોન લઈને જેસીબી ખરીદયુ હતું. જેને સવગઢના તથા બેંક શાખાના મેનેજરે ખોટુ સોંગધનામુ કરી માલિકની જાણ બહાર આ જેસીબી ચાર માસ અગાઉ વેચી દીધુ હતું. જે અંગેની ફરિયાદ ગુરૂવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી.

સવગઢ (પાણપુર) માં રહેતા રજાકભાઈ યુસુફભાઈ માંકણશીયાએ થોડા સમય અગાઉ હિંમતનગરની ઈન્ડુસઈન્ડ બેંકમાંથી પોતાના નામે લોન લઈ જેસીબી ખરીદયુ હતું. ત્યારબાદ આ જેસીબીને સવગઢના શબ્બીરભાઈ ઈસ્માઈલભાઈ દાંત્રોલીયા તથા ઈન્ડુસઈન્ડ બેંકના મેનેજર મુકેશભાઈ ચૌધરીએ ભેગા મળી ખોટુ સોંગધનામુ કરી જેસીબી મશીન અન્યને વેચી દઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરતા રજાકભાઈએ બંને જણા વિરૂધ્ધ ગુરૂવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ધોરણ-૬માં પ્રવેશ માટે જવાહર નવોદય વિધાલયની પરીક્ષા યોજાશે

મહેસાણા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૦૫મા અભ્યાસ કરતા વિધાર્થીઓ માટે જવાહર નવોદય વિધાલયમાં ધોરણ ૦૬ના વર્ગમાં પ્રવેશ માટેની તક સાંપડી છે.જિલ્લામાં જવાહર નવોદય વિધાલયની પ્રવેશ પસંદગીની સંભવિત પરીક્ષા ૦૮ જાન્યુઆરી ૨૦૧૭ના રોજ યોજાશે. વિધાર્થીઓએ પ્રવેશ માટેની માહિતી પુસ્તિકા તથા અરજીપત્રકો જિલ્લાના તમામ તાલુકા કેળવણી નિરીક્ષકની કચેરીઓ,જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી તેમજ જવાહર નવોદય વિધાલય વડનગર ખાતે વિનામુલ્ય ઉપલ્બધ થશે. પ્રવેશ ફોર્મ ભરી તાલુકા કેળવણી નિરીક્ષકશ્રીની કચેરીમાં ૧૬ સપ્ટેમ્બર સુધીમાં જમા કરાવવાના રહેશે.

પ્રાંતિજમાં રખડતી ગાયોનો ત્રાસ વધતો જાય છે, તંત્ર ઉંઘમાં

રોડની વચ્ચે અડીંગો જમાવી બેસી જતાં વાહનચાલકોને મુશ્કેલી : વેપારીઓ પણ ત્રાહિમામ્ પોંકારી ઉઠયાં છે

પ્રાંતિજ, તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે છેલ્લા બે અઠવાડિયાથી રખડતી ગાયોનો ત્રાસ વધતાં વાહન ચાલકો સહિત વેપારીઓ પણ તોબા પોકારી ગયાછે છતાં જેની જવાબદારી છે તે તંત્ર હાલતો ગોર નિદ્રામાં હોય તેવું સ્પષ્ટ પણે જણાઈ આવે છે.

પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેન્ડ થી એપ્રોચરોડ ઉપર રોડની વચ્ચે રખડતી ગાયોનો ત્રાસ દિવસે ને દિવસે વધ્યો છે અને રોડની સાઈડની જગ્યા ને બદલે રોડની વચ્ચોવચ અડીંગો જમાવી બેસી જાયછે જયારે સ્કૂલ ના સમયે બેસીજતાં ભાખરીયા બસસ્ટેન્ડ વિસ્તારમાં ટ્રાફિકજામ ની સમસ્યા ઉભી થાયછે અને રોજીદુ અવર-જવર કરનારા વાહન ચાલકો ત્રાહિમામ્ પોંકારી ઉઠયા છે જયારે સવારના વહેલાં દુકાનોની આગળ ઓટલાઓ ઉપર કે શટલ આગળ બેસી જતાં ગંદકી થતાં વેપારીઓને દુકાન ખોલતાં પહેલાં સાફ સફાઈમાં અડધોકલાક નિકળી જાયછે ત્યારે વેપારીઓ પણ રોજીદી સમસ્યા ને લઈને તોબા પોંકારી ઉઠયા છે. ત્યારે હવે જોવાનું એ રહ્યું કે શું જવાબદાર તંત્ર હવે કયારે ઉંઘમાંથી ઉઠીને રખડતી ગાયો સામે શું એકશન લેશે એ તો હવે જોવાનું રહ્યું.

પ્રાંતિજમાં મા દશામાની મૂર્તિઓનુ વાજતે - ગાજતે વિસર્જન કરાયુ

પ્રાંતિજ તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં મા દશામાના વ્રત બાદ છેલ્લા દિવસે જાગરણ બાદ વાજતેગાજતે મા દશામાની મૂર્તિ ઓનુ વિસર્જન પ્રાંતિજ સહિત તાલુકામાં ઠેરઠેર કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજ સહિત તાલુકામાં મા દશામાના વ્રત કરતી મહિલાઓ પુરૂષો દ્વારા મા દશામાની મૂર્તિ નું દશ દિવસ માટે પોતાના ઘરે સ્થાપણ કરી દશ દિવસ ઉપાસ કરી સવાર સાંજ માંની આરતી ઉતારી માને ભાવતાં ભોજન સહિત પ્રસાદ અર્પણ કરી માને રીઝવતા હોયછે અને માંના આશીર્વાદ લેતા હોયછે જયારે દશમાં દિવસે આખીરાત જાગરણ કરી વહેલી સવારે મા દશામાની મૂર્તિ નું તળાવ કે નદીમાં પધરામણી કરી વ્રત નુંસમાપન કરેછે ત્યારે પ્રાંતિજ સહિત પંથક માં ઠેરઠેર તળાવ બોખ નદીમાં મા દશામાની મૂર્તિ વિસર્જન કાર્યક્રમો યોજાયા હતાં.જેમાં પ્રાંતિજ ખાતે પણ મા દશામાના મંદિર પાસે આવેલ બોખમાં મા દશામાની મૂર્તિઓની પધરામણી કરવામાં આવીહતી. જયારે મંદિર ના વિશાળ ચોકમાં મહિલાઓ દ્વારા ગરબાની રમઝટ પણ બોલાવવામાં આવી હતી .જયારે મા દશામાના મંદિર ના વ્યવસ્થા સ્થાપક નિત્યાનંદ ભાઈ દ્વારા સુંદર વ્યવસ્થા કરવામાં આવીહતી અને પ્રાંતિજ પી.આઇ ટી.બી.રાઠોડ દ્વારા પણ કોઇ અનિચ્છનીય બનાવ ના બને તેમાટે પુરતો પોલીસ બંદોબસ્ત કરવામાં આવ્યો હતો .

અરવલ્લી જિલ્લા પંચાયતની સામાન્ય સભા શાંતિપુર્ણ સંપન્ન

અરવલ્લી, તા. ૧૨

અરવલ્લી જિલ્લા પંચાયતની સામાન્ય સભા શુક્રવારના બપોરે ૧ વાગ્યાના સુમારે મોડાસા તાલુકા પંચાયતના સભાખંડમાં યોજવામાં આવી હતી. જેમાં જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધી દ્વારા જિલ્લાનો વિકાસ ઝડપી થાય તે બાબતે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. વિરોધ પક્ષ ભાજપના જિલ્લા પંચાયત સદસ્યો અને અપક્ષ સદસ્ય જશુભાઈ પટેલ દ્વારા જિલ્લા પંચાયતના વહિવટ સામે વિરોધ દર્શાવ્યો હતો.

અરવલ્લી જિલ્લાનું નવનિર્માણ થયા પછી ભાજપા દ્વારા જિલ્લા પંચાયતનું સુકાન સંભાળ્યુ હતુ. ત્યાર બાદ સ્વરાજયની ચૂંટણીઓમાં જિલ્લા પંચાયતમાં કોંગ્રેસે જવલંત વિજય મેળવતા જિલ્લા પંચાયતમાં કોંગ્રેસે સુકાન સંભાળતા અને સુકાની તરીકે રાજેન્દ્ર પારધીને પ્રમુખ બનાવતા જિલ્લામાં પ્રજાજનોમાં આનંદ છવાયો હતો. શુક્રવારે મળેલી જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં જિલ્લા વિકાસ અધિકારી વિશાલ ગુપ્તાની દેખરેખ હેઠળ યોજાઈ હતી. જેમાં જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધીએ જણાવ્યું હતું કે કોંગ્રેસના શાસન પછી ગામડાના છેવાડાના માનવીનો વિકાસ કરવા સતત પ્રયત્નશીલ છે. તદ્ ઉપરાંત જિલ્લામાં નવી હોસ્પિટલ ઝડપથી નિર્માણ કરવા તેમજ બાંધકામ, આરોગ્ય, સિંચાઈલક્ષી, ઈન્દિરા આવાસ, સરદાર આવાસ, શૌચાલય, જિલ્લાના માર્ગો અને અન્ય જિલ્લાના ઝડપી વિકાસ અંગે જિલ્લા પંચાયતના સદસ્યો અને વિરોધ પક્ષના સદસ્યો સાથે વિસ્તૃત ચર્ચા કરી જિલ્લાને ગતિશીલ બનાવવા સહયોગ આપવા અપીલ કરવામાં આવી હતી.

જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં અરવલ્લી જિલ્લામાં વિભાજીત થઈ નવી નિર્માણ પામેલી ગ્રામ પંચાયતોમાં તલાટી-કમ-મંત્રીનું મહેકમ મંજુર કરવા અને ભારત સરકારના ૧૯૯૨-૯૩માં બંધારણ કલમ ૨૪૩ ઝેડ ડી તેમજ જિલ્લા-તાલુકા પંચાયત સહિતની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સ્વાયત્તતા બાબતે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.